સત્યમેવ જયતે

પાટણના એડી. સીવીલ જજ અને જ્યુ. મેજી. ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટ, મુ. પાટણ.

( શ્રી પ્રિયંકાલાલ , એડી.જ્યુ. મેજી. ફ. ક., પાટણ )

<u>ફોજદારી કેસ નંબર :-</u> ૬૮૦૭/૨૦૨૧

આંક :-

ફરિયાદી :- શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી :- પરમાર મનીષકુમાર કાંતીલાલ
રહે- હાજીપુર તા- જી- પાટણ

ગુનો :- <u>એમ.વી.એકટ કલમ ૧૮૫ મુજબ</u>...૨૮૨(A)

## // હુકમ //

(૧) આ કામે ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીએ બનાવના દિવસે પોતાના કબજા વાળું વાહન કેફી પ્રવાહી પીધેલ હલાતમાં ડ્રાયવીંગ કરતાં મળી આવી એમ.વી.એકટ કલમ ૧૮૫ મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી આજરોજ યોજાયેલ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન ઉપસ્થિત થતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીની પ્લી ગુના સબબ

નોંધતા,આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરશીશ અલગતથી આપેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં કરવા ખાત્રી આપતા હોઈ, આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોઈ, આરોપીને હળવી સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપી સામેના આક્ષેપીત ગુનાનો પ્રકાર તેમાં સજાનું પ્રમાણ, આરોપીની રજુઆત, તેની પરિસ્થિતિ ધ્યાનમાં લેતાં અને નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોરના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લેતાં આરોપીને હળવી સજા કરવાનું વ્યાજબી અને ન્યાયિક જણાતું હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

// હુ ક મ //

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૨ અન્વયે આ કામના આરોપીને એમ. વી.એકટની કલમ ૧૮૫ મુજબ શિક્ષાનેપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા. ૫૦૦/-(અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ન ભરે તો દિન-૧૫ (પંદર) ની સાદી કેદની સજા ભોગવે તેવો હુકમ કરવામાં આવે છે.મુધ્દામાલનો વચગાળાનો હુકમ કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ, **તા. ૧૧ ,** માહે **સ્પ્ટેમ્બર ,** સને **૨૦૨૧** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.
તા. ૧૧/૯/૨૦૨૧ .
પાટણ.

( પ્રિયંકા લાલ)
એડી.જ્યુડી.મેજી.ફ.ક., પાટણ.
જજ કોડ નં. જીજે ૦૧૪૦૭
સ્પેશ્યલ સીટીંગ

નકલ ... ૧૦૦૭
... ૧૩/૯/૨૧
પા. નં. ૨૩